# RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા PGVCL તથા GETCO ના મેનેજીગ ડિરેકટરો સાથે મિટીંગ યોજી વિજળીને લગતા વિવિધ પ્રશ્નોની રજુઆત કરવામાં આવી...

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા શહેરના વિવિધ એસોસીએશનોને સાથે રાખી PGVCL મેનેજીગ ડિરેકટરશ્રી એમ.જે દવે સાહેબ, GETCO ના મેનેજીગ ડિરેકટરશ્રી ઉપેન્દ્ર પાંડે સાહેબ, PGVCL ના ચીફ એન્જીનિયરશ્રી લાખાણી સાહેબ, GETCO ના ચીફ એન્જીનિયરશ્રી એન. જે. રાડોઠ સાહેબ, GUVNL ના ડાયરેકટર(ટેક)શ્રી એચ.પી. કોઠારી સાહેબ, અધિક્ષક ઈજનેરશ્રીઓ તથા વિવિધ સબ ડિવીઝનના અધિકારીશ્રીઓ સાથે વિજળીને લગતા વિવિધ પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા તા.૨૯-૧-૨૦૨૪ ના રોજ પીજીવીસીએલ, કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, રાજકોટ ખાતે મિટીંગ યોજવામાં આવેલ. જેમાં બહોળી સંખ્યામાં વિવિધ એસોસીએશનના હોદેદારો તથા અરજદારો હાજર રહયા હતા.

મિટીંગના પ્રારંભે PGVCL ના ચીફ એન્જીનિયરશ્રી લાખાણી સાહેબ દ્વારા સૌને આવકારી PGVCL દ્વારા પુરી પાડવામાં આવતી સવલતો-સ્કીમો તથા આગામી સમયમાં વધુ સારી વિજળીને લગતી સેવાઓ ગ્રાહકો તેમજ ઉધોગકારોને મળી રહે તે અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી પુરી પાડેલ.

GETCO ના મેનેજીગ ડિરેકટરશ્રી ઉપેન્દ્ર પાંડે સાહેબએ રાજકોટ ચેમ્બર તથા વિવિધ એસોસીએશનો સાથે મિટીંગ યોજવા બદલ ખુશી વ્યકત કરી GETCO દ્વારા ગુજરાતના ડિસ્કોમને જે સેવા પુરી પાડવામાં આવે છે તે બાબતે તેમજ GETCO પોતાની કામગીરીને વધુ સુદ્રઢ બનાવી આવનારા વર્ષ ૨૦૩૨ રોડ મેપ અંગે પાવર પોઈન્ટ પ્રેઝનટેશન દ્વારા માહિતી પુરી પાડેલ.

રાજકોટ ચેમ્બરના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવએ જણાવેલ કે રાજકોટ ચેમ્બર હરહંમેશ વેપાર-ઉધોગકારો અને આમ જનતાની સાથે રહી તેઓના ઉદભવતા પ્રશ્નોનું યોગ્ય નિરાકરણ લાવવા માટે અગ્રેસર રહે છે. અમારી પાસે વેપાર-ઉધોગકારો, અને આમ જનતાને વીજળીને લગતી ઘણી ફરીયાદો હોય તેને ધ્યાનમાં લઈ શહેરના વિવિધ એસોસીએશનોને સાથે રાખીને આજરોજ આ મિટીંગનું આયોજન કરેલ છે. રાજકોટ સૌરાષ્ટ્રનું હબ હોય તેમજ MSME નો વ્યાપ દિન પ્રતિદિન વધી રહયો છે. GETCO ના વર્ષ ૨૦૩૨ રોડ મેપને સાર્થક કરવામાં અમો સૌ ઉધોગકારો સંપુર્ણ સહયોગ આપવા તૈયાર છીએ. પરંતુ ડિપાર્ટમેન્ટ દ્વારા પણ ઉધોગકારોને વધુ સારી સુવિધા મળી રહે તે માટે પ્રયાસ હાથ ધરવા જોઈએ. આ મિટીંગમાં રજુ થનાર મહતમ પ્રશ્નોનું નિરાકરણ લાવી શકાય તે માટે આશા વ્યકત કરેલ.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વિજળીને લગતા નીચે મુજબ પ્રશ્નો ધ્યાને મુકેલ.

(૧) વિકસતા જતા રાજકોટ શહેરમાં રીંગ રોડ - ૨ ના સરાઉન્ડીંગ એરીયામાં મલ્ટી સ્ટોરી બિલ્ડીંગ, સુખાકારીની સવલતો, અને ઈન્ડસ્ટ્રીયલ ઝોન ખુબજ ઝડપથી વિકસી રહેલ હોય જેમા આશરે 500 MW જેવો લોડ નજીક ભવિષ્યમાં જોડાઈ શકે તેમ હોય માટે વ્હેલાસર 33 KV સીસ્ટમના અમલની શરૂઆત થાય. જેથી મોટા બીલ્ડીંગ પ્રોજેક્ટ, મોટી ઈન્ડસ્ટ્રીઝ અને સુખાકારીના પ્લાન્ટોમાં જગ્યા મળી શકે.

(૨) મોટા ભાગના સબ સ્ટેશન આઉટસોર્સિંગથી ચાલતા હોવાથી આજુબાજુ વિસ્તારના લોકોનું ન્યુસન્સ પરમીશન વિના સબસ્ટેશનમાં ઘુસીને લાઈન ચાલુ/બંધ કરાવવી જેવી અનઅધિકૃત પ્રક્રિયા થતી હોય જેથી ત્યાં GETCO દ્વારા કાયમી માણસો મૂકી આ એરીયાને પ્રતિબંધીત એરીયા જાહેર થાય તેવી વ્યવસ્થા કરવી જરૂરી છે.

(૩) ડેડીકેશન ઓફ પાવર (DOP) નો વ્યાપ વધારવો જેમ કે 10 MV, 8 MV અને તેથી નીચેના કનેકશનોમાં સર્કલ અને ડિવિઝન કક્ષાએ બધી જ પ્રોસેસ પુર્ણ થતા કામ કરવાની સરળતા રહેશે, કનેકશન આપવામાં ટાઈમ ઘટશે તથા તાત્કાલીક કામ પૂર્ણ થાય.

(૪) Option-2 ના કેસમાં Option-2 એ ઘણીવાર GETCO કે DISCOM દ્વારા કામગીરી ડીલે ના હિસાબે ગ્રાહકો સ્વીકારવા માટે પસંદગી કરતા હોય છે. સાથે સાથે DISCOM દ્વારા ૧૫% સુપરવીઝન ચાર્જ વસુલતા હોય છે. જેમા ફીડરની માલીકીતો DISCOM ની રહેતી હોય છે. તેમ છતા નાના-મોટા ડિસ્પ્યુટમાં ડીસ્કોમ દ્વારા કયારેય જવાબદારી કે મદદરૂપ થતા નથી. જયારે ઓથોરીટી તરીકે ડીસ્ટ્રીક મેજીસ્ટ્રેટ, બોર્ડ નીગમ, સરકારી કે અર્ધસરકારીમાં રજૂઆત-ફરીયાદ કે અરજી જેવી પ્રક્રિયાની જવાબદારી સ્વીકારીને મદદરૂપ થયું જોઈએ.

(૫) મોટા ભાગના 66 / 132 KV સબસ્ટેશનમાં લાઈનો ઓવરલોડ હોવી તેમજ સબસ્ટેશન બિલ્ડીંગમાં પેનલ/ફીડર કાઢવામાં જગ્યા ન હોવાથી આ સાથે નીચે જણાવેલ સબ સ્ટેશનોમાંથી પાવર મેળવતા HT તેમજ EHT ગ્રાહકોને સમયસર TFR/કનેકશનના વિલંબ થવાથી ઉધોગકારોને ખુબ જ નુકશાની થઈ રહી છે. તેમજ એકસપોર્ટ અને ભારતના જીડીપી ઉપર અસર થઈ રહી છે.

૫.૧) ઓવરલોડેડ લાઈન વાળા સબસ્ટેશનની વિગત, સૂર્યરામપરા સબસ્ટેશન, કુવાડવા સબસ્ટેશન,

બેટી સબસ્ટેશન, સડકપીપળીયા સબસ્ટેશન, ખીરસરા સબસ્ટેશન, GIS મેટોડા સેન્ટ્રલ સબસ્ટેશન.
૫.૨) ખાંભા સબસ્ટશેન, લોધીકા સબસ્ટશેન, બામણબોર સબસ્ટશેનની નવા પેનલ/ફીડરની જગ્યા ન હોવી.
૫.૩) ભરૂડી સબ સ્ટેશન કમ્પલીટ હોવા છતા કોઈ કારણોસર ચાલુ થયું નથી.
૫.૪) રીબડા સબ સ્ટેશનની કામગીરી વિલંબમાં ચાલી રહી છે.
૫.૫) ખિરસરા જીઆઈડીસી ખાતે 66 KVA નું સબ સ્ટેશન ઝડપથી બનાવી આપવું.

(૬) ડિવીઝન / સબ ડિવીઝનમાં રેવન્યુ સર્વેનં. ની દ્રસ્ટીએ સીમાંકન કરવામાં આવેલ હોય જેથી ગ્રાહકોની સાર સંભાળની પ્રક્રિયાઓ ખૂબજ જટીલ મોંઘી અને સમયસર મળી શકતી નથી જે સુધારવું ખૂબજ જરૂરી છે. જેથી બ્રાઉન્ડ્રી એરીયા ફીઝીકલ રોડ, રેલ્વે લાઇન, હાઈવે ડેમના હિસાબે ફીડર ચલાવવા તથા ફેરફાર કરવાની સતા ડિવીઝન અને સબડિવીઝનને આપવામાં આવે જેના કારણે ફિડરનું ક્રોસીંગ ઘટશે. અકસ્માતો ઘટશે અને પાવર રિસ્ટોર અને ગ્રાહકોની સમસ્યાનું નિરાકરણ વ્હેલાસર થશે અને DISCOM ને ખર્ચનું ભારણ ઘટશે.

(૭) રાજકોટ આસપાસના એરીયા જેવા કે લોઠડા-પીપલાણા-પડવલા, ખાંભા, રીબડા-રીબ, સડક પિપળીયા, રાવકી, માખાવડ, છાપરા સેલ્ફ ડેવલોપીંગ ઈન્ડસ્ટ્રીયલ ઝોનને ધ્યાને લઈને નવા સબ સ્ટેશન ઉભા કરવાની જોગવાઈઓ પેહેલેથી કરવી.

(૮) 11 KVA ફિડર 4000 KVA સુધી જ મંજુરી આપે છે જેમાં 1250 AMP VCB તથા TASCR DOG Conductor Cable ની કેપેસીટી પુરતી હોય તેની કેપેસીટી 5000 KVA સુધી આપવા જોગવાઈ કરવી.

(૯) રાજકોટ આસપાસના દશેક જેટલા સબ સ્ટેશનો માટે આરએમસી, રેલ્વે, સ્માર્ટ સીટી અને સરકારશ્રીમાં ભરવાપાત્ર રકમ ભરપાઈ કરી દિધેલ છે તો આ સબ સ્ટેશનો ૬ માસમાં તાત્કાલીક શરૂ કરવા ભાર મુકવો.

(૧૦) સૌરાષ્ટ્ર-કચ્છ વિસ્તારમાં ૬૬/૧૩૨ KV ચાલુ ન થવાના કારણે નવા HT તેમજ EHT ગ્રાહકોનો આશરે 20 MV જેટલી ડિમાન્ડના કનેકશન માટે TFR આપી શકાતી નથી તો આ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવી.

RAJKOT CHAMBER OF COMMERCE & INDUSTRY

ત્યાર બાદ ઉપસ્થિત શહેરના વિવિધ એસોસીએનોના પ્રતિનિધિઓ દ્વારા પોતાના એરીયાના પ્રશ્નો ધ્યાને મુકેલ અને મિટીંગના અંતે રાજકોટ ઈલેકટ્રીકલ લાઈસન્સ કોન્ટ્રાકટર એસોસીએશનના પ્રમુખશ્રી શિવલાલભાઈ બારસીયાએ આજ રોજ રજુ થયેલ પ્રશ્નોનું તાત્કાલીક નિરાકરણ લાવવા અનુરોધ કરી સૌનો આભાર વ્યકત કરેલ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.